# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15/09/2026** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **રાજ્યના સરહદી જિલ્લાઓમા હાઈ-સ્પીડ કોરિડોરના નિર્માણ માટે કચ્છ અને બનાસકાંઠાના ધોરીમાર્ગો પહોળા અને ફોરલેન બનાવવા 692 કરોડ રૂપિયાની ફાળવણી.**
2. **સમગ્ર દક્ષિણ એશિયામાં પ્રથમવાર ગાંધીનગર ખાતે આજથી બે દિવસનુ વર્લ્ડ સર્ક્યુલર ઇકોનોમી ફોરમ યોજાશે.**
3. **SD PAY એપ્લિકેશન દ્વારા 635 કરોડના આંતરરાજ્ય સાયબર ફ્રોડના બે મુખ્ય સૂત્રધારને ઓડિશાથી ઝડપ્યાં.**
4. **રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 259 તાલુકાઓમાં વરસાદ - અંજારમાં સાત ઇંચ જેટલો વરસાદ વરસ્યો.**
5. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિને ઘરે-ઘરે આશીર્વાદનો દિવો પ્રગટાવવા મુખ્યમંત્રીની નાગરિકોને અપીલ.**
6. **મુખ્યમંત્રીએ આજના સંવત્સરીના પર્વ નિમિત્તે મિચ્છામી દુક્કડમ પાઠવ્યા.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# KUTCH BORDER SECTURITY

રાજ્યના ધોરીમાર્ગોને સાત મીટરમાંથી 10 મીટર જેટલા પહોળા કરવા કચ્છ જિલ્લાને 363 કરોડ તેમજ 10 મીટર માર્ગને ફોરલેન કરવા માટે સરકારે બનાસકાંઠા જિલ્લાને 229 કરોડ રૂપિયા મળીને કુલ **692** કરોડ રૂપિયા ફાળવ્યા છે.

હાઈ સ્પીડ કોરિડોર અંતર્ગત કચ્છ જિલ્લામાં પાન્ધ્રો નારાયણ સરોવર રોડ, લખપત નારાયણ સરોવર રોડ અને દયાપર-સુભાષપર પાન્ધ્રો રોડ એમ ત્રણ માર્ગોને સાત મીટરથી 10 મીટર પહોળા કરવાના કામો માટે 363 કરોડ રૂપિયાના કામો મંજૂરી અપાઇ છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં શિહોરી, પાટણ રોડને **10** મીટરથી પહોળો કરીને ફોરલેન કરવા માટે **229** કરોડ રૂપિયાનું કામ મંજુર કર્યું છે.

કચ્છ અને બનાસકાંઠાના આ રસ્તાઓ પહોળા અને ફોરલેન બનવાથી આસપાસના નાના-મોટા ઔદ્યોગિક, તથા વાણિજ્ય વિસ્તારોમાં અવરજવર કરતાં ભારે વાહનો વધુ ઝડપથી અને સુરક્ષિત રીતે પસાર થઈ શકશે. પરિણામે સ્થાનિક ઉદ્યોગો, વેપાર-ધંધા તથા કૃષિ ઉત્પાદનોના પરિવહનમાં પણ નોંધપાત્ર સરળતા થશે.

# WORLD CERCULER ECONMY FORUM

સમગ્ર દક્ષિણ એશિયામાં પ્રથમવાર આજથી બે દિવસ દરમિયાન મહાત્મા મંદિર ગાંધીનગર - ગુજરાત ખાતે 'વર્લ્ડ સર્ક્યુલર ઇકોનોમી ફોરમ 2026' યોજાશે.

ફોરમનું સંયુક્ત ઉદ્ઘાટન કેન્દ્રીય પર્યાવરણ વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કરશે. સર્ક્યુલરિટીનો મુખ્ય હેતુ હાલની સામગ્રી અને ઉત્પાદનોનો પુનઃઉપયોગ, રિફર્બિશિંગ અને રિસાઇક્લિંગ કરીને તેને મૂલ્યવાન સંસાધનો તરીકે ફરીથી અર્થતંત્રમાં લાવવાનો છે.

આ કાર્યક્રમનું સંયુક્ત આયોજન સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ **(CPCB)**, ફિનિશ ઇનોવેશન ફંડ સિત્રા **(Sitra)**, ફિનલેન્ડ સરકાર, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય **(MoEF&CC)**, ગુજરાત સરકાર અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ **(GPCB)** દ્વારા કરવામાં આવી રહ્યું છે. જેમાં વ્યાપારી નેતાઓ, ઉદ્યોગસાહસિકો, સંશોધકો, નીતિ ઘડવૈયાઓ, શિક્ષણવિદો અને અન્ય સહિત અંદાજે **65** થી વધુ દેશોના બે હજારથી વધુ હિસ્સેદારો ભાગ લેશે. આ ફોરમમાં **AI**નો ઉપયોગ, રોજગારની ક્ષમતા, ઉર્જા ઉત્પાદન, નાણા, શાસન, ટકાઉ ઉત્પાદનો અને સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમ જેવા વિષયો પર ચાર પ્લેનરી અને 16 સંતોષકારક થીમ આધારિત સત્રો યોજાશે.

આ ઉપરાંત 125થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રદર્શનકર્તાઓ સાથેનો એક્સ્પો સ્ટાર્ટ-અપ્સ દ્વારા વિકસાવવામાં આવેલા વ્યવહારુ ઉકેલોનું પ્રદર્શન કરશે.

# HOSTEL CHECKING

તાજેતરમાં સુરતની પી. પી. સવાણી શાળાની હોસ્ટેલમાં થયેલ ફુડ પોઇઝનીંગની ઘટના બાદ ખોરાક અને ઔષધ નિયમન તંત્રે રાજ્યની હોસ્ટેલ અને કેન્ટીન તપાસ માટે વિશેષ અભિયાન હાથ ધર્યું છે, જે અંતર્ગત **47** સરકારી, **21** અર્ધ-સરકારી તેમજ ખાનગી **132** છાત્રાલયોની મળીને **200** જેટલી હોસ્ટેલમાં તપાસ કરવામાં આવી હતી.

આ તપાસ દરમિયાન **114** નમૂના લેવાયા હતા. આ તપાસ દરમિયાન **10** હોસ્ટેલ સ્વયંભૂ બંધ, સુધારણાની નોટિસ **61** હોસ્ટેલને અપાઇ હતી, જ્યારે એકનું લાયસન્સ રદ કરાયું હતું.

નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતા, ભેળસેળિયા તેમજ કાયદા વિરુદ્ધ પ્રવૃત્તિઓમાં સંકળાયેલા અસામાજિક તત્વો સામે આગામી સમયમાં પણ આ પ્રકારની કડક કાયદેસરની કાર્યવાહી સતત કરાશે.

# AMRELI FRUD

અમરેલી પોલીસે SD PAY એપ્લિકેશન દ્વારા ગુજરાત ઉપરાંત રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં ફેલાયેલા 635 કરોડના મોટા સાયબર ફ્રોડના મુખ્ય સૂત્રધાર ધવલ પટેલ અને હિરેન શાહને ઓડિશાથી ઝડપી પાડ્યા છે.

અમરેલી SP સંજય ખરાત અને તેની ટીમો આ શખ્સોને શોધવા માટે અલગ અલગ રાજ્યમાં તપાસ કરી હતી. આ વચ્ચે એક સાયબરની ટીમને આરોપી ઓડીશાના સંભલપુરમાં હોવાની માહિતી મળતા પોલીસે ઓડિશામાંથી ધવલ પટેલ અને હિરેન શાહની કાર સાથે ધરપકડ કરી છે. બંને આરોપીઓને આજે વિમાનમાર્ગે અમરેલી સાઇબર ક્રાઇમ ખાતે લાવી પૂછપરછ હાથ ધરાશે.

અમરેલી એસપી સંજય ખરાતે નાગરિકોને લોભામણી અને ગેરકાયદેસર રોકાણ યોજનાઓથી સાવચેત રહેવા અપીલ કરી છે.

# RAJKOT ARREST

રાજકોટ ગ્રામ્ય પોલીસને એક મોટી સફળતા પ્રાપ્ત થઇ છે. ખંડણી સહિતના ગુનાઓમાં સંડાવાયેલા એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આ આરોપી સામે નવ જેટલા ગુના નોંધાયેલા હતા.

આરોપીની પૂછપરછ દરમિયાન અન્ય કેસોના ઉકેલની પણ પોલીસને આશા હોવાનું રાજકોટ રૂરલ પોલીસના પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરે જણાવ્યું હતું.

**BYTE: VIJAYSINH GURJAR, SP RAJKOT RURAL**

# DISTRICT RAIN

રાજ્યના 259 તાલુકામાં છેલ્લા 24 કલાકમા વરસાદ નોંધાતા સમગ્ર રાજ્યમાં મેઘમહેર થઈ છે. સૌથી વધુ કચ્છના અંજારમા 7 ઈંચ, ભાવનગરના વલ્ભીપુરમા 6 ઈંચ, જામનગર, બોરસદ, ઉના અને કોટડાસાંગાણીમા 5 ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે.

કચ્છના ગાંધીધામમાં સાડા ચાર, ભુજ મુન્દ્રામાં પોણા ચાર, લખપતમાં 3, માંડવીમાં અઢી ઇંચ જેટલો વરસાદ પડ્યો છે અને હજુ પણ વરસાદ પડી રહ્યો છે.

ભાવનગર જિલ્લામાં વલ્લભીપુર, પાલિતાણા અને ઉમરાળા તાલુકામાં ભારેથી અતિભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમા પાણી ભરાયા હતા. ભારે વરસાદને પગલે જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને તંત્ર દ્વારા સાવચેતીના પગલાં રૂપે સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

રાજકોટ શહેર અને જિલ્લામાં ધોધમાર વરસાદના પગલે શહેરના મુખ્ય માર્ગો કાલાવડ રોડ, યાજ્ઞિક રોડ, મોરબી રોડ અને 150 ફૂટ રિંગ રોડ સહિતના તમામ વિસ્તારોમા વરસાદના પાણી ફરી વળ્યા હતા.

દીવમા બે દિવસથી સતત વરસી રહેલા વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમા પાણી ભરાય જતા જન જીવન અસ્ત વ્યસ્ત થઈ ગયુ હતું અને લોકોના ઘરમા પાણી ઘુસી ગયા હતા. રાતના સમયે પણ વરસાદ અવિરત ચાલુ રહ્યો હતો.

# WEATHER

રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા આજે સૌરાષ્ટ્ર અને કચ્છમાં યલો એલર્ટ જાહેર કરાયું છે. જ્યારે અમદાવાદ સહિતના રાજ્યના અન્ય વિસ્તારમાં હળવો વરસાદ વરસે તેવી શક્યતા હવામાન વિભાગના વડા ડોક્ટર એ કે દાસે દર્શાવી છે.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

.................................

# CM OF PM BDAY

રાજ્યના મુખ્યમંત્રીએ 17મી સપ્ટેમ્બરના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિને નાગરિકોને સાંજે સાત વાગે આશીર્વાદનો દિવો પ્રગટાવવા અપીલ કરી છે.

શ્રી મોદીના રાષ્ટ્રસેવા અને સુશાસનના 25 વર્ષ આગામી સાત ઓક્ટોબરે પૂર્ણ થઈ રહ્યા છે. ત્યારે તેમના દીર્ઘાયુની કામના કરવા ભૂપેન્દ્ર પટેલે અપીલ કરી છે.

**BYTE: BHUPENDRA PATEL CM**

# PARUSHAN ON CM

રાજ્ય સહિત દેશભરમા જૈન ધર્મના સૌથી પવિત્ર એવા પર્યુષણ મહાપર્વનો આજે અંતિમ દિવસ 'સંવત્સરી' છે. આ દિવસને જૈન સમુદાય દ્વારા ક્ષમાપના પર્વ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે, જ્યાં લોકો વર્ષ દરમિયાન થયેલી ભૂલો માટે એકબીજાને "મિચ્છામી દુક્કડમ" કહીને હૃદયપૂર્વક માફી માંગી રહ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જૈન- જૈનેતરોને સંવત્સરી પર્વ પ્રસંગે ‘મિચ્છામી દુકકડમ’ પાઠવ્યા છે. ભગવાન શ્રી મહાવીરના ક્ષમા, સંતોષ, સરળતા, વિનમ્રતા તેમજ કરૂણા અને જીવદયાના સિદ્ધાંતોને સમાજ જીવનમાં આત્મસાત કરનારૂં આ પર્યૂષણ પર્વ, સામાજિક સમરસતા અને માનવતાની શક્તિઓને વધુ પ્રગાઢ બનાવશે એવી શ્રદ્ધા પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વ્યક્ત કરી છે.

# AMBAJI BHADARVI POONAM

અંબાજીમા ભાદરવી પૂનમના મેળાને લઈને વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. તૈયારીઓના ભાગ રૂપે ત્રણ લાખ કિલો મોહનથાળનો પ્રસાદ બનાવવાની પ્રક્રિયા શરૂ કરી દેવામા આવી હોવાનુ કલેક્ટર મિહિર પટેલ જણાવી રહ્યા છે.

## BYTE: MIHIR PATEL, COLLECTOR

# GIR SOMNATH CESMOLOGICAL WORKSHOP

તાલાલા ખાતે ભૂકંપ સામે જનજાગૃતિ અને પૂર્વતૈયારીના હેતુથી સિસ્મોલોજીકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ‘સુરક્ષા કાર્યશાળા’ યોજાઈ હતી. આ કાર્યશાળામાં તજજ્ઞો દ્વારા ભૂકંપ સમયે, ભૂકંપ પહેલા અને ભૂકંપ બાદ કયા પ્રકારની કાળજી રાખવી જોઈએ તે અંગેનું વૈજ્ઞાનિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત ગીર સોમનાથના ઈણાજ ખાતે બે એકર વિસ્તારમાં 20 કરોડ રૂપિયાના ખર્ચે અદ્યતન જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર બનાવવામાં આવશે તેમ સિસ્મોલોજીકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના મહાનિર્દેશક દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

**BYTE: DIGVIJAYSINH JADEJA, DIRECTOR GENERAL OF SEISMOLOGICAL RESEARCH INSTITUTE**

# NARMADA SEVA SANKALP ABHIYAN

નર્મદા જિલ્લામાં યોજાયેલા સેવા સંકલ્પ અભિયાનમાં રાજ્યના નાણામંત્રી કનુ દેસાઇ ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના શાસનકાળ દરમિયાન સર્વાંગી વિકાસ થઇ રહ્યો હોવાનું જણાવ્યુ હતું.

તેમણે વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા સહિયારા પ્રયાસો આદરવા અપીલ કરી હતી.

## BYTE- KANU DESAI, FINANCE MINISTER

# GOVERNOR ORGENIC KHETI

રાજ્ય સરકારની કૃષિ સબસિડીનું મોં પ્રાકૃતિક કૃષિ તરફ વાળવું અનિવાર્ય હોવાનું રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાયું છે. રાજ્યના 500 ગામોને સંપૂર્ણ પ્રાકૃતિક કૃષિ ગામ બનાવવા યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો અને વિદ્યાર્થીઓની ટીમ તૈનાત કરાશે તેમ પણ રાજ્યપાલના અધ્યક્ષસ્થાને રાજ્યમાં ચાલી રહેલા પ્રાકૃતિક કૃષિ અભિયાનની સમીક્ષા અર્થે યોજાયેલી બેઠકમાં નિર્ણય કરાયો હતો.